# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-09-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## NCC કેડેટસને ભથ્થા:

**રાજ્યની ખાનગી શાળા-કોલેજોના NCC કેડેટ્સને પણ હવે કેમ્પ ભથ્થાં મળશે. રાજ્ય સરકારના આ નિર્ણય અનુસાર હવે ખાનગી NCC કેડેટ્સનો રાષ્ટ્રીય કેમ્પનો સંપૂર્ણ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે. જેનાથી આર્થિક ભારણ દૂર થતાં ખાનગી શાળા-કૉલેજના પ્રતિભાશાળી કેડેટ્સ માટે રાષ્ટ્રીય કક્ષાએ આગળ વધવાનો માર્ગ વધુ સરળ બનશે.**

**ઉલ્લેખનીય છે અત્યાર સુધી ખાનગી શાળા-કૉલેજોના NCC કેડેટ્સને કોઈ રાષ્ટ્રીય કેમ્પ ભથ્થા મળતાં ન હતા.**

---

## THO અને MO માટે કાર્યશાળા :

**જિલ્લા કલેક્ટર અને ડીડીઓના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત સમિતિ ખંડ ખાતે તાલુકા આરોગ્ય અધિકારીઓ અને મેડિકલ ઓફિસરો માટે સમીક્ષા કાર્યશાળા યોજાઈ હતી. જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિતેશ ભંડેરીએ આરોગ્ય સેવાઓ છેવાડાના માનવી સુધી અસરકારક રીતે પહોંચાડવા માર્ગદર્શન આપ્યું હતું.**

**કાર્યશાળામાં PM-JAY, માતૃ-બાળ કલ્યાણ, રસીકરણ, NCD, કાયાકલ્પ અને રોગ નિયંત્રણ કાર્યક્રમોની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. અંતિમ સત્રમાં જિલ્લા ટીબી અધિકારી ડૉ. મનોજ દવેએ 'ટીબી મુક્ત કચ્છ'ના લક્ષ્યાંક તથા HIV અને રક્તપિત્ત નિયંત્રણ અંગે જરૂરી સૂચનો કર્યા હતા**

---

## જંગીમાં જન જાગૃતિ કાર્યક્રમ:

ભચાઉ તાલુકાના જંગી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય **AIDS** અને **STD** નિયંત્રણ કાર્યક્રમ  અંતર્ગ જંગી કુમાર શાળા ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આરોગ્ય ટીમ દ્વારા વિદ્યાર્થીઓને **HIV/AIDS,** ટીબી, હિપેટાઇટિસ અને લેપ્રસી જેવા ચેપી રોગોના લક્ષણો, બચાવ, સમયસર નિદાન અને સારવાર અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

-----------------------------------------------------------------------------------------------

## વિવિધ જાહેરનામા:

કચ્છ જિલ્લામાં આગામી ધાર્મિક તહેવારો, મેળાઓ અને ઉત્સવો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પી. એલ. વિઠાણી દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ અન્વયે તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી સમગ્ર જિલ્લામાં વિવિધ પ્રતિબંધાત્મક જાહેરનામા બહાર પાડવામાં આવ્યા છે.

આ આદેશ મુજબ જિલ્લામાં જાહેર સુલેહ-શાંતિ માટે હથિયારબંધી લાગુ કરવામાં આવી છે, જેનું ઉલ્લંઘન કરનાર સામે કેદ અને દંડ સહિતની કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકા સેવા સદનો, પોલીસ મથકો તથા તમામ સરકારી કચેરીઓના ૧૦૦ મીટરના પરિસરમાં અનધિકૃત રીતે ચાર કે તેથી વધુ વ્યક્તિઓના એકઠા થવા, રેલી કે સરઘસ કાઢવા, ધરણાં, પ્રતીક ધરણાં, ઉપવાસ પર બેસવા તેમજ રેલી સ્વરૂપે ટોળે વળી આવેદન પત્ર આપવા પર સંપૂર્ણ મનાઈ ફરમાવાઈ છે. સાથે જ કલેક્ટર કચેરી, આરટીઓ, કોર્ટ અને પંચાયત જેવી કચેરીઓમાં આવતી પ્રજાને છેતરીને પૈસા પડાવતા અસામાજિક તત્વો અને અનધિકૃત વચેટીયાઓના પ્રવેશ પર પણ કડક રોક લગાવવામાં આવી છે. આ નિયંત્રણો ફરજ પરના કર્મચારીઓ, સ્મશાનયાત્રા, વરઘોડા તથા સરકારી કાર્યક્રમો સિવાય તમામને લાગુ પડશે અને ભંગ કરનાર સામે કલમ-૧૩૫ હેઠળ શિક્ષાત્મક પગલાં ભરાશે.

-----------------------------------------------------------------------------------------------

## સાઈકલ વિતરણ:

અર્હમ્ યુવા સેવા ગ્રુપના સહયોગથી ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે સાઈકલ વિતરણ સમારોહ યોજાયો હતો. 'પેડલ ટુ પ્રોગ્રેસ' પ્રોજેક્ટ અંતર્ગત અમેરિકા સ્થિત દાતા મનુભાઈ અને રિકાબેન શાહના આર્થિક સહયોગથી ૭૧ સરકારી શાળાઓના ૬૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે સાઈકલ અર્પણ કરાઈ હતી.

---

## ગાંધીધામ ફુડ વિભાગની ચેકિંગ:

ગાંધીધામ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા તહેવારોની મોસમમાં લોકોના આરોગ્યની સુરક્ષા કાજે વિવિધ ખાદ્ય એકમોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. વિભાગે મીઠાઈ, ફરસાણ સહિત વિવિધ વાનગીઓના ૧૧ નમૂના લઈ પૃથક્કરણ માટે લેબોરેટરીમાં મોકલ્યા છે. અગાઉ ચકાસણી દરમિયાન બિનઆરોગ્યપ્રદ ૧૦૦ કિલો લોટ અને વાસી શાકભાજીનો જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. પાલિકા હેઠળના ૧૮૮ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં આવેલી ખાણીપીણીની દુકાનોમાં સ્વચ્છતા અને ભેળસેળ અંગે સતત ફરિયાદો ઊઠતાં તંત્ર દ્વારા આ કડક ઝુંબેશ શરૂ કરાઈ છે.

---

## ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ:

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત સત્કાર સમારોહમાં નવનિયુક્ત રેલવે એરિયા મેનેજર હેમંતકુમાર સિંઘ કદાનિયાએ જણાવ્યું હતું કે, કંડલા-મુંદરા પોર્ટ કનેક્ટિવિટી, યાર્ડ આધુનિકીકરણ અને રેલવે પ્રોજેક્ટ્સ પૂર્ણ થતાં કચ્છની ક્ષમતા વધશે. માંડવી રેલ જોડાણ, નવી ટ્રેનો અને સ્ટેશન સુવિધાઓ અંગે તેમણે હકારાત્મક ખાતરી આપી હતી. ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે કચ્છને વૈશ્વિક સપ્લાય ચેન હબ ગણાવી રેલવેને ઉદ્યોગોની જીવનરેખા ગણાવી હતી.

---

## રાપર-ફતેગઢ-આડેસર માર્ગનું કામ:

**વાગડ વિસ્તારના મહત્વપૂર્ણ એવા ૫૦ કિમી લાંબા રાપર-ફતેહગઢ-આડેસર માર્ગના મજબૂતીકરણ અને રિસર્ફેસિંગ માટે રાજ્ય સરકારે ₹૭૦ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ભારે વાહનોની અવરજવર અને તાજેતરના વરસાદના કારણે આ માર્ગ અત્યંત બિસ્માર બની ગયો હતો, જેનાથી વાહનચાલકો મુશ્કેલી ભોગવતા હતા.**

**ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાની સક્રિય રજૂઆતને પગલે સરકારે રકમ મંજૂર કરતા સ્થાનિકોમાં આનંદની લાગણી પ્રસરી છે.**

---